# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૪૫. પૂ. હીરાબેન સ્વામિનારાયણ

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૦-૦૬-૧૯૪૦ |
| જન્મ સ્થળ | : | કાળુપુર, અમદાવાદ |
| મૂળ વતન | : | અમદાવાદ |
| માતાનું નામ | : | પૂ. મણીબેન |
| પિતાનું નામ | : | પૂ, ડાહ્યાભાઈ |
| ભાઈ | : | પૂ. કાંતિભાઈ, પૂ. બળવંતભાઈ, પૂ. વિષ્ણુભાઈ, પૂ. ભાનુપ્રસાદ |
| બહેન | : | - |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | વાણિયા |
| અભ્યાસ | : | S.S.C. હિન્દી કોવિદ, સંસ્કૃતની બે પરીક્ષા |

| | | |
|---|---|---|
| ભગવાનની અનુભૂતિ | : | ૨૮-૦૫-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૨ |

## સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઈ સેવા કરવી ને હું કાંઇ નથી તેમ માનવું.

પૂ. હીરાબેનના ઘરમાં વડદાદાઓના સમયથી જ સ્વામિનારાયણ ધર્મ હતો જ. એટલે ધર્મ – ભક્તિના સંસ્કાર જીવમાં હતાં જ. નિત્ય પ્રત્યે કાળુપુર સ્વામિનારાયણ મંદિરમાં જતાં. સેવા પૂજા કરીને હૈયામાં હર્ષ અનુભવતા. એજ અરસામાં હીરાબેનને સ્વપ્નામાં જોગીબાપા અને મોટા સ્વામીના દર્શન થયા. જોગીબાપાએ  પૂછ્યું, 'ગુણાતીત થવું છે ને?' મુમુક્ષુ જીવ હતો તેથી 'હા' પાડી દીધી.

હીરાબેન અમદાવાદ ચંદનબેન શાહ (પ.પૂ.જસુબેનના નણંદ) ને ત્યાં તેમની દીકરીનું ટ્યુશન કરવા જતાં હતાં. તેમની સાથે એક દિવસ વાત કરતાં હીરાબેને કહ્યું કે, 'હું યોગીબાપાને માનું છું ને કુંવારા રહેવું છે.' બહેનો ભગવાન ભજે છે તેવી તેમને ખબર ન હતી. ચંદનબેન કહે, 'થોડીવાર રોકાઇ જાવ. મારા ભાઇ ભાભી આવે છે.' ત્યાં જસુબેન આવ્યાં. તેમને મળ્યા, તેમની દ્રષ્ટિ પડી ને તેમણે કાકાજીનો જોગ કરાવ્યો. આમ ગુણાતીત સ્વરૂપ થકી પ્રત્યક્ષના જોગમાં આવ્યા.

૧૯૬૨માં શાહીબાગ મૂર્તિ પ્રતિષ્ઠા હતી તેમાં ચારેય બહેનો પૂ. જ્યોતિબેન, પૂ. તારાબેન, પૂ. હંસાબેન, પૂ. દેવીબેન પધાર્યા હતા. ત્યારે પપ્પાજીએ હંસાબેનને કહ્યું હતું કે, 'તું મધુ સાથે સંબંધ બાંધીને આવજે. કુસુમને લગની લગાડજે ને હીરાને પણ ભગવાન ભજાવવાના છે એનું ધ્યાન રાખજે.' કેવા ચૈતન્યદર્શી ગુરૂહરિ પપ્પાજી ! હીરાબેન કોઇને ઓળખે નહીં. તેઓ પાણીનો ઘડો લઈને પસાર થયા ને તારાબેનના મુખમાંથી સરી પડ્યું કે, 'આજ કે પેલી

હીરા?' તારાબેનની દ્રષ્ટિ પડી ગઇ. હીરાબેન કાશીબા સાથે સમૈયામાં ગોંડલ જતાં. ત્યાં ખૂબ સેવાનો લાભ મળતો. જોગીબાપાની રસોઇની સેવાનો પણ લાભ લીધેલો. એકવાર સમૈયો કરીને કાશીબા મણીબેન પટેલના ઘરે આણંદ આવ્યા. ત્યાંથી નડિયાદ જતાં હીરાબેનને કહે, 'તું અહીં બે દિવસ રોકાઇ જજે.' ને હીરાબેન ત્યાં રોકાયા.

એ અરસામાં પપ્પાજી કોઇના લગ્ન નિમિત્તે ગુજરાતમાં આવ્યા હતા. તે મહેળાવ થઇને મણીબેનના ઘરે બપોરના સમયે આવ્યા. હીરાબેન સેવા કરતા હતા. પપ્પાજીને ઓળખે નહીં તેથી મણીબેનને બૂમ પાડીને કહે, 'કોઇ ભાઇ આવ્યા છે.' મણીબેન બહાર આવ્યા ને કહે, 'આ તો બાબુભાઇ છે.' સવિબેન બિમાર હતા તેથી સૌરાષ્ટ્રમાંથી આવ્યા હતા. પપ્પાજી હિંચકા પર બેઠા હતા. પપ્પાજીએ ગોષ્ટિ કરી ને હીરાબેનને કહે, 'મેં જે વાત કરી તે બોલી જા.' હીરાબેન બધી જ વાત બોલી ગયા ને પપ્પાજીની દ્રષ્ટિ પડી ગઇ. મધુબેન ભટ્ટના ઘરે સેવા કરી તેમની હાશ લઇ લીધી. ને ૧૯૬૬માં પ્રથમ ૫૧ બહેનોમાં કાષાંબરી દીક્ષા લીધી. ને તારાબેન તો ગુરૂપદે સ્વીકારાઇ જ ગયાં હતાં.

હીરાબેને જ્યોતમાં રસોડાની સેવા એકધારી ૪૦ વર્ષ સુધી કરી છે. ને માસીબાનો રાજીપો લઇ લીધો છે. પપ્પાજી રસોડામાં આવીને તેમનો ભાવ ગ્રહણ કરે જ. તેમણે લાયબ્રેરીનો કોર્ષ કર્યો હતો. તે સેવા પણ કરતા. તેમના અક્ષર સુંદર તેથી પત્ર લેખનની સેવા કરી છે. સુરત, સાંકરદા જેવા સેન્ટર પર જવાબદારીપૂર્વક રહ્યાં ને સેવા કરી. ત્યાં સૌ ભક્તોને પ્રભુનો મહિમા ગાઇ પપ્પાજી અને ગુરૂસ્વરૂપોને રાજી કરી લીધા. નાનામાં નાના મુક્તને મોટા માનવાની સહજ આવડત તેમનામાં છે. 'હું કાંઇ નથી.' એ તેમનું જીવન છે. સેવામાં જ પરમપદ માન્યું છે. સર્વમાંથી ગુણ લેવાની ગુણગ્રાહી દ્રષ્ટિ છે.

અત્યારે તનમાં ઘણી બીમારી હોવાથી મહાપૂજાની સેવા દ્વારા સહુ સાધકો ને ભક્તોને સાધનામાં સુખે સુખે સ્થિતિ કરવાનું બળ પ્રેરે છે.

આવા હીરાબેનને સહુ સાધકોની ભાવવંદના !!!



## ૪૬. પૂ. રંજનબાળા અધ્વર્યુ (નાનીબેન)

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૦-૦૫-૧૯૩૮ |
| જન્મ સ્થળ | : | હંડાળાભાલ, સુરેન્દ્રનગર |
| માતાનું નામ | : | પૂ, રામબેન |
| પિતાનું નામ | : | પૂ. વિશ્વનાથભાઇ |
| ભાઇ | : | પૂ. પ્રેમશંકરભાઇ, પૂ. હરિભાઇ |
| બહેન | : | પૂ. કનકલત્તાબેન |
| જ્ઞાતિ | : | બ્રાહ્મણ |
| અભ્યાસ | : | ધોરણ – ૭ |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૩-૦૭-૧૯૬૬ |

વ્રતધારણ દિન : ૦૧-૦૬-૧૯૬૬

કેન્દ્ર નંબર : ૩૩

## સાધનાનું બ્રહ્મસૂત્ર : સાધકને મૂંઝવણ હોય જ નહીં.

પૂ. રંજનબેન તેમના ભાઇ ભાભીના સંબંધે અમદાવાદમાં પૂ.મધુબા ભટ્ટના યોગમાં આવ્યાં. જ્યારે યોગીજી મહારાજ, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી મધુબાના ઘરે પધારે ત્યારે સેવામાં પહોંચી જતાં. તેથી પ.પૂ. સોનાબા ને પૂ. જ્યોતિબેનની દ્રષ્ટિમાં આવી ગયાં ને પપ્પાજી યોગીબાપાનું સ્વરૂપ છે તેવું મનાયું ને ૧૯૬૬માં ગુણાતીત જ્યોતની સ્થાપના થઇ ત્યારે પ્રથમ ૫૧ બહેનોમાં સ્થાન મળ્યું. કાષાંબરી દીક્ષા લીધી ને ૧૯૬૬માં જ ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું.

જ્યોતમાં આવ્યા પછી મંદિર, સફાઇ, રસોડાની સેવા કરી. પૂ. હંસાબેન ગુણાતીતનો સમાગમ કરી સુખ, શાંતિ, આનંદભરી સાધના કરી. મંત્રરટણથી સતત ભર્યા રહી રાંકભાવે સૌ મુક્તો સાથે હળીમળીને રહ્યાં. માહાત્મ્યેયુક્ત સેવામાં તન, મન, આત્માથી જોડાઇ ગયાં. અમદાવાદ ગુણાતીત જ્યોત શાખાની સ્થાપના વખતે પૂ. ઇન્દુબેન દરબાર સાથે તેમની પસંદગી પપ્પાજીએ કરી. સેવાનો હુંહાટો જ નહીં. કોઇની સાથે સરખામણી નહીં. જીવનના અંત સુધી ગરજુ થઇ રાંકભાવે મહિમાથી રોટલી વણવાની સેવા કરી સ્વરૂપોનો રાજીપો મેળવ્યો. ખૂબ ટૂંકી બીમારીના અંતે ૭-૪-૨૦૦૯ ના સ્વધામ પધાર્યા.

એવા રંજનબેનને સહુ સાધકોના પ્રણામ !!!